# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૧૦** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 10**

**પ્ર. : ૧. (ક) પાઠ પૂર્તિ કરો (કોઈ પણ ૩)**

જવાબ (૧) બંભં ઉવસં પજામિ, અકપ્પં પરિઆણામિ, કપ્પં ઉવસંપજામિ
સાથે અન્નાણં પરિઆણામિ, નાણં ઉવસંપજામિ અકિરિયં

જ. (૨) અહોકાયં કાય, સંફાસં, ખમણિજ્જો, ભેકિલામો, અપ્પકિલંતાણં બહુસુભેણંભે,

(૩) અઢ્ઢાઈ જેસુ અઢ્ઢાઈ જેસું દિવ સમુદેસુ, પન્નરસ્સ કમ્મભુમિસુ, જાવંતિ કેઈસાહ !
રયહરણ ગુચ્છગ પડિગ્ગહધારાં,

(૪) સિજ્જંસં વાસુપુજ્જંચ, વિમલ, મણંત ચજિણં ધમ્મં સંતિચ

**(ખ)નીચના પ્રશ્નના જવાબ લખો (કોઈ પણ ત્રણ)**

(૧) કર્મભૂમિ કેટલી ? કઈ કઈ ?
(૨) જ્ઞાન અને ચારિત્રના અતિચાર કેટલા ? માત્ર સંખ્યા લખો.
(૩) ખમાસમણો એટલે શું ?
(૪) કેવલી ભગવાનને કયા કયા કર્મ હોય ?
(૫) સંમુચ્છિંમ મનુષ્યનું આયુષ્ય કેટલું ?

જ. (૧) કર્મભૂમિ ૧૫ છે : ૫ ભરત, ૫ ઈરવત, ૫ મહાવિદેહ ક્ષેત્ર
જ. (૨) જ્ઞાનના ૧૪, ચારિત્રના ૭૫ અતિચાર છે.
જ. (૩) ખમાસમણો એટલે ક્ષમાશ્રમણ.
જ. (૪) ૪ કર્મ, હોય, આયુષ્ય - નામ - ગોત્ર - વેદનીય
જ. (૫) અંત મુહૂર્તનું

**(ગ) ગુજરાતી અર્થ લખો :**

(૧) ઉડ્ડુએણં (૨) આકુટ્ટિ (૩) સાણા (૪) પરિસોસણયા (૫) કરેમિ (૬) ત્તિકટ્ટુ

જ. (ગ) (૧) ઓડકાર આવવાથી (૨) જાણી જોઈને - ઈરાદાપૂર્વક (૩) કૂતરા (૪) ઉલેચવાનો વેપાર કર્યો હોય (૫) કરૂં છું (૬) એમ કહીને

**(ઘ) અર્ધમાગધી લખો :**

(૧) પ્રસન્ન થાઓ (૨) ઘણું સુતા રહેવાથી (૩) રખે ! સાપ કરડે.
(૪) બંને કાળ (૫) નિદાન રહિત છું (૬) હે પૂજ્ય !

જ. (ઘ) (૧) યસિયંતુ (૨) નિગામ સિજ્જાઓ (૩) માણં બાલા
(૪) ઉભઓકાલં (૫) અનિયાણો (૬) ભંતે

---

**પ્ર. : ૨. ડાલાપાલાના આધારે જવાબ લખો :**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) કયા પાલાનું માપ બદલાતું જ રહે છે? તે પાલાની શરૂઆતમાં લંબાઈ, પહોળાઈ કેટલી હોય છે?

જ. (ક) (૧) અનવસ્થિત = લંબાઈ પહોળાઈ - ૧ લાખ યોજન, ઊંડાઈ હજાર જોજન.

(૨) પાલાના પ્રકાર કેટલા ? કયા કયા છે તેના નામ લખો.

જ. (૨) ૪ પ્રકાર : અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા, મહાશલાકા

(૩) જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી એક દાણો ન્યૂન સંખ્યાને શું કહેવાય ?

જ. (૩) ઉત્કૃષ્ટ સંખ્યાતા

જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી બે દાણા ન્યૂન જે સંખ્યા આવે તેને શું કહેવાય ?

જ. મદ્યમ સંખ્યાતા

(૪) સંખ્યાના ૨૧ બોલમાંથી નવમી અને ચૌદમી સંખ્યાના નામ લખો.

જ. (૪) ઉત્કૃષ્ટ સંખ્યાત, મધ્યમ સંખ્યાત (ઉચ્ચતમ)

(૫) ડાલાપાલા કયા આગમના કયા પદમાં આવેલા છે ?

જ. (૫) અનુયોગ દ્વાર સૂત્ર, પ્રમાણપદ

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) અભ્યાસ એટલે શું ? સમજાવીને લખો. કયા કયા બોલ અભ્યાસથી મળે છે ?

જ. (૧) અભ્યાસ : જે તે રકમને તે જ રકમ વડે તેટલી જ વાર ગુણા કરવી તેને પરસ્પર અભ્યાસ કહે છે, જેમ કે પાંચને પાંચ વડે પાંચ વાર ગુણવા ૫ ×૫ ×૫ ×૫ × ૫ = $૫^{૫}$ = ૩૧૨૫ જઘન્યયુક્તા અસં, જઘન્ય અસં. અસં, જઘન્યપરિત અનંતા, જઘન્ય યુક્ત અનંતા, જઘન્ય અનંતા અનંતા.

(૨) વૈરાગ્યબિંદુનો બીજો બોલ સમજણ સહિત લખો.

**જ. (૨) વૈરાગ્ય બિંદુ : ૧) અનંતા પુદ્ગલ પરાવર્તનથી જીવ રખડે છે અને ૧ પુદ્ગલ પરાવર્તનમાં પણ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી થઈ જાય છે. તો વિચારો કેટલી રખડપટ્ટી કરી ?**

**(ગ) નીચેની ખાલી જગ્યા પૂરો :**

(૧) પાલાની કુલ ઊંડાઈ ........... છે.

(૨) ........... રાશિ નથી.

(૩) જઘન્ય સંખ્યાતામાં માત્ર ........... સંખ્યા આવે.

(૪) શલાકા પાલા દ્વારા ........... પાલો સંપૂર્ણ ભરાઈ જાય છે.

જ. (ગ) **(૧)૧૦૦૮, ૧/૨ યોજન**

**(૨) ઉત્કૃષ્ટ અનંત અનંત**

**(૩) ૨**

**(૪) પ્રતિશલાકા સંપૂણ'**

---

**પ્ર. : ૩. પુદ્ગલ પરાવર્તનના આધારે લખો :**

**(ક)** (૧) આહારક શરીરનું પુદ્ગલ પરાવર્તન કેમ નથી થતું ?

**જ. (૧) આહારક શરીર સંપૂણ' સંસાર કાળમાં એક જીવને ચાર જ વાર પ્રાપ્ત થાય છે તેથી તેની વર્ગણાઓનું પુદ્ગલ પરાવર્તન થઈ શકતું નથી.**

(૨) પુદ્ગલ વર્ગણા કેટલા પ્રકારની છે ? તેમાંથી જીવને ગ્રહણ કરવા યોગ્ય કેટલી ?

**જ. (૨) પુદ્ગલ વર્ગણાઓ અનેક પ્રકારની છે.**
**ગ્રહણ કરવા યોગાય વર્ગણા આઠ છે : ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ભાષા, શ્વાસોચ્છવાસ, મન, કાર્મણ.**

(૩) પુદ્ગલ પરાવર્તનના ભેદ કેટલા ? કયા કયા ?

**જ. (૩) ચાર : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પુદ્ગલ પરાવર્તન.**

(૪) એક જીવે નારકીપણે કયું પુદ્ગલ પરાવર્તન કર્યું નથી ? અને કરશે નહીં.

**જ. (૪) એક જીવે નારકીપણે ઔદારિક પુદ્ પરાવર્તન કર્યું નથી અને કરશે નહીં.**

**(ખ) નીચેની ખાલી જગ્યા પૂરો :**

**જ.** (૧) મન પુદ્ગલ પરાવર્તનના **૧૬** દંડક છે.

(૨) સર્વ જીવે સર્વથી થોડા **વૈક્રિય** પુદ્ગલ પરાવર્તન કર્યા અને સર્વથી વધારે **કાર્મણ** પુદ્ગલ પરાવર્તન કર્યા છે.

**(ક) પરમાણુ પુદ્ગલોના સંયોજન વિયોજનથી પુદ્ગલનું અનંતઅનંત પરિવર્તન થાય છે.**

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) વૈરાગ્ય બિંદુના બે મુદ્દા લખો.

**જ. (૧) વૈરાગ્ય બિંદુના ૩ મુદ્દાઃ**

**૧) જે સૌંદર્યવાન પુદ્ગલ દેખાય છે તે જ પુદ્ગલ કુરૂપણે આપણાં ઔદારિક શરીરરૂપે ભૂતકાળમાં હતા.**

**૨) જે સુગંધી અત્તર આજે છાંટો તો તેજ પુદ્ગલ અનંતીવાર દુર્ગંધમય આપણા ઔદારિક શરીરરૂપે હતા.**

**૩) જે શબ્દ સંગીતના સાંભળીએ છીએ તે જ પુદ્ગલ અપમાન રૂપે અનંતીવાર સાંભળેલા છે.**

(૨) બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન સમજાવો.

**જ. (૨) પાઠાવલીમાં જોઈ લેવું.**

(૩) સાતે પુદ્ગલ પરાવર્તનનો કાળથી અલ્પબહુત્વ લખો.

**જ. (૩) પાઠાવલીમં જોઈ લેવું.**

---

**પ્ર. : ૪. આયુષ્યનાં ૧૮૦૦ ભાંગાના આધારે પ્રશ્નોના જવાબ લખો :**

**(ક)** (૧) કેટલા આકર્ષે જીવ આયુષ્ય બાંધી શકે ?

**જ. (૧) જઘન્ય એક, ઉત્કૃષ્ટ ૮**

(૨) નિયમાં નિરૂપક્રમી આયુષ્ય કોને કોને હોય ?

**જ. (૨) જુગલિયા મનુષ્ય, જુગલિયા તિર્યંચ, નારકી, દેવ, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ**

(૩) સોપક્રમી આયુષ્ય તૂટવાનાં કારણો કેટલાં ? કયાં કયાં ?

**જ. (૩) ૭ છે. ૧) અધ્યવસાય ૨) નિમિત્ત ૩) આહાર ૪) વેદના ૫) પરાઘાત ૬) સ્પર્શ ૭) શ્વાસોચ્છશ્વાસ**

(૪) માત્ર સંખ્યાતા જીવો જ ઉપજે તેવા દંડક કેટલા ?

**જ. (૪) એક પણ નહીં**

(૫) ચરમશરીરી જીવ આયુષ્યનો બંધ ક્યારે કરે ?

**જ. (૫) બંધ કરે જ નહીં.**

**(ખ) ખાલી જગ્યા પૂરો :**

જ. (૧) પાંચ સ્થાવરમાં જીવો **નિરંતર** ઉપજે

જ. (૨) સોપક્રમી આયુષ્યનું બીજું નામ **અપર્વતનીય** છે.

જ. (૩) સિદ્ધના જીવો ૧ સમયમાં **જઘન્ય ૧ ઉત્કૃષ્ટ ૧૦૮** ઉપજે.

**(ગ)** (અ) સઅંતર અને નિરંતર કોને કહેવાય ?

**જ. (અ) સઅંતર : અંતર સહિત, વચ્ચે વિરહ પડે તેવી રીતે જીવનું ઉપજવું.**
**નિરંતર : અંતર રહિત વચ્ચે વિરહ ન પડે તેવી રીતે જીવનું ઉપજવું.**

(બ) આયુષ્યનાં ૧૮૦૦ ભાંગા કેવી રીતે થાય તે સમજાવો.

| | | |
|---|---|---|
| **જ. (બ) નિધ્ધત આયુષ્યના** | **૩૦૦** | |
| **નિકાચિત આયુષ્યના** | **૩૦૦** | |
| | **૬૦૦** | **ભાંગા, નામ કર્મ સાથે** |
| | **૬૦૦** | **ભાંગા ગોત્ર કર્મ સાથે** |
| | **૬૦૦** | **નામગોત્રના ભેગા ગણવાથી** |
| | **૧૮૦૦** | |

---

**પ્ર. : ૫. વિરહપદનાં આધારે પ્રશ્નોના જવાબ લખો :**

**(ક)** (૧) વિરહપદ કયા સૂત્રનું કયું પદ છે ? **જવાબઃ પન્નાવર્ણ સૂત્ર - પદ - ૬**

**જ. (૧) ૭ દિવસ - ૨જી નરક**
**૬ માસ ૭મી નરક**
**૧૨ મુહૂર્ત - ગર્ભજ મનુષ્ય, તિર્યંચ** .

પ્ર. (૨) ઉત્કૃષ્ટ વિરહ ૭ દિવસ, ૬ મહિના, ૧૨ મુહૂર્ત હોય - તેના નામ લખો.

**જ. (૨) ૧) નવિન સમકિત ૨) ૭મી નરક ૩) સમુચ્ચય ચારેય ગતિનો**

પ્ર. (૩) જઘન્ય વિરહ ૮૪,૦૦૦ વરસ ઝાઝેરા, ૬૩,૦૦૦ વરસ ઝાઝેરા, તેના નામ લખો.

**જ. (૩) ૮૪૦૦૦ વર્ષ ઝાઝેરા - ભરત + ઈરવતમાં તીર્થંકર**
**૬૩૦૦૦ ઝાઝેરા - ભરત + ઈરવતમાં સામા. + છેદો ચારિત્ર**

**(ખ) નીચેના જીવોની વિરહપદ લખો :**

(૧) વાલુકાપ્રભા (૨) શંખ (૩) રત્ન (૪) છેદો પસ્થાપનીય ચારિત્ર.

**જ. (૧) વાલુકાપ્રભા - જ - ૧ સમય , ઉ - ૧૫ દિવસ**
**૨) શંખ : જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત**
**૩) રત્ન અંતર નથી.**
**૪) છેદો પસ્થાપિનીય ચારિત્ર : જઘન્ય ૬૩૦૦૦ વરસ ઝાઝેરી**
**ઉત્કૃષ્ટ દેશે ઊણા ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ**

**(ગ) નીચેનો વિરહપદ કયા જીવોનો છે ?**

(૧) ૪૨ મહિના (૨) ૧૨ દિવસ (૩) ૪૫ દિવસ (૪) ૧૦૦ દિવસ.

**જ. (૧) ૪૨ મહિના : ચંદ્રગ્રહણ, સમુચ્ચય ગ્રહણ**
**(૨) ૧૨ દિવસ : નવીન શ્રાવક**
**(૩) ૪૫ દિવસ : ૬ઠ્ઠું દેવલોક**
**(૪) ૧૦૦ દિવસ : ૮મું દેવલોક**

---

**પ્ર. : ૬. સંસ્કાર વિભાગના આધારે :**

**(ક) ખાલી જગ્યા પૂરો :**

**જ.** (૧) કોઈના સુંદર કામને વખાણવું તે **સુકૃત અનુમોદન** છે.

**જ.** (૨) આપણા જીવનના **શિલ્પી** આપણે જ છીએ.

**જ.** (૩) શરીરથી ઈન્દ્રિય સુખને માણવું તે છે જ **સુખશીલતા**

**જ.** (૪) અસંખ્ય **સમુચ્છિમ મનુષ્ય** બોલ્યા વિના જ મરણ પામે છે.

**જ.** (૫) મનરૂપી **દુષ્ટ** અને **સાહસિક** ઘોડો ચારે તરફ ભગતો રહે છે.

**(ખ) પ્રશ્નોના જવાબ લખો :**

(૧) એક મિનિટ માટે મન ક્યારે મળે ?

**જ. (૧) મન વિનાના અનંત ભૂતકાળ સામે**

(૨) કપિલમુનિએ કેવળજ્ઞાન કેવી રીતે લીધું ?

**જ. (૨) મારે કાંઈ નથી જોઈતું એવા પરિણામથી.**

(૩) યોગોથી કર્મ બંધાય તો કેટલી સ્થિતિનું બંધાય ?

જ. (૩) માત્ર કાયાથી કર્મ બંધાય તો ઉત્કૃષ્ટ ૧ સાગર
કાયા અને વચનથી બંધાય તો ઉત્કૃષ્ટ ૧૦૦ સાગર
મન-વચન-કાયાથી કર્મ બંધાય તો ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ

(૪) મન કઈ રીતે મહાન છે ?

જ. (૪) જો દીવો બને, તો પ્રકાશ આપે, સુગતી અને મોક્ષ અપાવે.

(૫) વચનના કયા અવગુણોથી મુક્તિ મેળવવાની છે ?

જ. (૫) નિંદા, ખોટી ખુશામત, ગુસ્સો, ચાડી-ચુગલી, કલેશ.

(૬) આપણું આ શરીર દુર્લભ કઈ રીતે ?

જ. (૬) ધર્મસાધના કરી શકે તેવું.

(૭) વ્યસન અને ફેશન કોને કહેવાય ?

જ. (૭) વ્યસન : એટલે ટેવ - લત કે આદત જેના વગર ન ચાલે.
ફેશન : બીજાનું આંધળું અનુકરણ કરવું.

---

**પ્ર. : ૭. વાર્તાના આધારે જવાબ લખો :**

**(ક)** (૧) જયંતિ શ્રાવિકા કોણ હતા ? તેમને કુલ કેટલા પ્રશ્નો પૂછ્યા? તેમાંથી કોઈ પણ બે પ્રશ્નો લખો.

(ક) જ. (૧) શ્રમણોપાસિકા હતા. શતાનિક રાજાના બેન મૃગાવતીના નણંદ
૧૩ પ્રશ્નો પૂછ્યા : ૧) જીવો ઉદ્યમી સારા કે આળસુ ? શા માટે ?
૨) સુતા રહેવું સારું કે જાગૃત રહેવું સારું?

(૨) તામલી તાપસનું દૃષ્ટાંત સાધકને શું સૂચવે છે ? તેમને કઈ પ્રવજ્યા અંગીકાર કરી ?

જ. (૨) વર્તમાનના લાભમાં, ભવિષ્યની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. માટે મારે આત્મકલ્યાણ કરી લેવું તે શ્રેયસ્કર છે.
પ્રાણામિ નામની દીક્ષા :
જાવજીવ સુધી છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરીશ, ભીક્ષાવિધિ દ્વારા લાવેલા શુદ્ધ ઓદણને ૨૧ વાર પાણીથી ધોઈને તેનો આહાર કરીશ.

(૩) તેતલીપુત્ર કોણ હતા ? તેઓ કોના જમાઈ હતા ? તેમનો અધિકાર કયા સૂત્રમાં આવે છે ?

જ. (૩) તેતીલપુર નગરના કનકરથ રાજાના પ્રધાન હતા.
‘‘તેતલીપુર નગરમાં કલાદ સોનીપુત્રના જમાઈ હતા.
‘‘જ્ઞાતાધર્મકથા - અધ્યયન ૧૪

**(ખ) કોણ બોલે છે ? કોને કહે છે ?**

(૧) અમે બલિચંચા રાજધાનીમાં રહેનારા છીએ ?

જ. (૧) ઉત્તર દિશાના અસુરન્દ્ર ... તામલી તાપસને

(૨) લોક ભવી જીવોથી રહિત થશે નહીં.

જ. (૨) ભગવાન મહાવીર કહે છે ... જયંતિ શ્રાવિકાને

(૩) તમે ઉદાસ થઈ આર્ત્તધ્યાન ન કરો.

જ. (૩) તેતલીપુત્ર કહે છે ... પોટ્ટિલાને

(૪) ઇન્દ્રિય વિજયીને કોઈ શરણની આવશ્યકતા રહેતી નથી.

જ. (૪) તેતલીપુત્ર કહે છે ... પોટિલ દેવને કહે છે.

---

**પ્ર. : ૮. કાવ્ય પૂર્ણ કરો :**

(૧) રાગ વૈરાગી ................ તત્કાળ

જ. (૧) રાગ વૈરાગી જે સુણે એ ત્રીજી ઢાળ
સમયસુંદર કહે પાપથી છુટે તત્કાલ...

(૨) હિંસા કીધી ................. ઉન્માદ

જ. (૨) હિંસા કીધી જીવની બોલ્યા મુષવાદ
દોષ અદતા દાનના, મૈથુન ઉન્માદ
પરિગ્રહ મેળવ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ
માન-માયા-લોભ મેં કર્યા વળી રાગ ને દ્વેષ.

(૩) માળીના .................... અલક્ષ

જ. (૩) માળીના ભવે રોપ રોપિયાં, નાનાવિધ વૃક્ષ,
મૂળ, પત્ર, ફળ, ફૂલના, લાગ્યા પામ અલક્ષ

(૪) ધોબીના ................... નિવાર્યા

જ. (૪) ધોબીના ભવ જે કર્યા
જળના જીવ સુંવાળા
ધુળે કરી જીવ રેડીયા,
દાન દેતા નિવાર્યા...

(૫) વિકથા ..................... વિખવાદ.

જ. (૫) વિકથા ચાર કીધી વળી,
સેવ્યા પાંચ પ્રમાદ
ઈષ્ટ વિયોગ પાડ્યા ઘણાં,
કિયા રૂદન વિખવાદ.

**॥ જય જિનેન્દ્ર ॥**